PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૯/કવા–૦૧/૧૭–૧૮/ ૬૦૬૦ તા. ૧૩/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા,
ગામ: ગલીયાવાડ (ગીર),
પટેલ સમાજ ની બાજુમા
તા. તાલાલા (ગીર)
જી: ગીર સોમનાથ
મો: ૯૪૨૮૭ ૦૬૬૧૦

**વિષય :–નવા ખેત જોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૪–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૯/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૪.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,તાલાલા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO:: 01 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૯/કવા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૪–૦૭–૧૭ સ્થળ : જુનાગઢ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

- અરજદાર (ફરીયાદી): નામ: પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા, ગામ: જુનાગઢ

રજુઆત કરનાર: અરજદાર શ્રી પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા હાજર રહેલ હતા.

**વિ રુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,તાલાલા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વેરાવળ)

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેમના ગામ: ગલીયાવાડ(ગીર) ખાતે ના, તેમની માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૩૭ મા, અગાઉ તા.૧૩–૦૫–૯૧ ના રોજ નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની '' વિધીસર ની અરજી'' ની મંજુરી અન્વયે ના ભાવપત્રક ની રકમ, તેઓ શ્રી એ તા.૧૭–૦૪–૨૦૦૮ ના રોજ ભરપાઈ કરી આપતા, પીજીવીસીએલ તરફથી, વીજલાઈન ના થાંભલાઓ ઉભા કરી અને વીજતાર લગાડવાની કામગીરી પુરી કરેલ છે. પરંતુ, ટ્રાન્સફોર્મર લગાડી અને મીટર સર્વિસ આપી અને જોડાણ ચાલુ કરાયેલ નથી. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી પ્રભુદાસ ભાણજીભાઈ ત્રાંબડીયા ની, તેમના ગામ: ગલીયાવાડ(ગીર) ખાતેના ખેતીવાડી સર્વે નંબર : ૩૭ મા, સામાન્ય યોજના હેઠળ ના, નવા ૭.૫ હોપાના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે, અરજદારે અગાઉ તા.૧૩–૦૫–૯૧ ના રોજ, રૂ.૧૦૦/– નોંધણીચાર્જ, જે રસીદ નંબર: ૪૬૧૭૪ થી ભરપાઈ કરી, અને કચેરી મા નોંધાવેલ છે. સબંધક તાલાલા પેટા વિભાગીય કચેરી તરફથી સદર અરજી ને, સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા, પ્રતિક્ષાયાદી ક્રમ નંબર : ૧૬૬/૧૮૫ હેઠળ નોંધવામા આવેલ છે. તેમજ, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, જે તે સમયે, સદર અરજી પરત્વે સ્થળ સર્વેક્ષણ કરી અને તાંત્રીક મંજુરી નં. ૭૭૬૯, તા.૧૩–૦૪–૨૦૦૮ થી, બી–કેટેગરી હેઠળ મંજુર કરી, અને અરજદાર શ્રી ને મંજુરી અન્વયે નુ, નવી ૬૫ મીટર ની એલ.ટી.લાઈન ના ખર્ચ સબંધક એવી રકમ રૂ.૧૮,૭૪૦/– નુ ભાવપત્રક નં: ૪૦૧૫ તા.૨૪–૦૩–૨૦૦૮ થી અપાયેલ હતુ. જેની રકમ અરજદારે તા.૧૭–૦૪–૨૦૦૮ ના રોજ રસીદ નંબર: ૦૫૮૯૮૯૬ થી રકમ રૂ.૧૮,૭૪૦/– ભરપાઈ કરી આપેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી સદર નવા ૭.૫ હોપા ના, મંજુર કરાયેલ જોડાણ માટે ની, ૬૫ મીટરની નવી એલ.ટી. વીજલાઈન ના, કુલ ૦૨ ગાળા ની ૦૩ તાર વાળી વીજલાઈન ના, કુલ ૦૨ થાંભલાઓ ઉભા કરવાની કામગીરી સંપન્ન કરાયેલ હતી. આ વીજલાઈન ના થાંભલાઓ ખરેખર કયા સમયે ઉભી કરાયેલ છે તેની સ્પષ્ટતા મળેલ નથી. અને ઉભા કરાયેલ વીજલાઈન ના થાંભલા પર, ઉત્પાદન ની કોઈ તારીખ પણ લખેલ નથી. તારીખે? પરંતુ, જે તે સમયે, સદર વીજલાઈન ના વીજતાર લગાડી, અને જોડાણ ચાલુ કરવાની કામગીરી, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, નીચેના વર્ણવ્યા મુજબ ના મુદદાઓ ના કારણોસર આજદિન સુધી થઈ ચુકેલ નથી. |

| | |
|---|---|
| <u>૨.૨</u> | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, અરજદાર નુ સદર જોડાણ ન આપવાના કારણોસર ની બાબતે ની, વિશેષ જાણકારી મેળવતા – '' ફરીયાદી અરજદાર શ્રી નુ, માહે એપ્રીલ –૨૦૦૮ ની સ્થિતીએ, પેઈડ પેન્ડીગ એવુ સદર જોડાણ ન આપવા બાબતે ની'' – જણાયેલ કારણદર્શક વિગતો મુજબ – ફરીયાદી અરજદાર શ્રી પ્રભુદાસ ભાણજીભાઈ ત્રાંબડીયા ની, સવાલવાળી તા.૧૩–૦૫–૯૧ ની અરજી મા, નવા જોડાણ મેળવવા માટે ની માંગણી નુ સ્થળ, જે તેમની અંગતમાલીકી ની જમીન સર્વે નંબર : ૩૭ દર્શાવલ છે. તેમજ, સદર માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૭ ની બીલકુલ લગોલગ એટલેકે બાજુમા જ – શેઢાની બાજુમા જ – બાઉન્ડ્રી પર જ – એટલેકે સદર ખેતીવાડી સર્વે નંબર : ૩૭ ની પશ્ચિમ દિશામા જ – ફરીયાદી અરજદાર શ્રી પ્રભુદાસ ભાણજીભાઈ ત્રાંબડીયા ના પત્નિ શ્રી રમાબેન રમાબેન પ્રભુદાસભાઈ ત્રાંબડીયા ની માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૩૮ ની જમીન આવેલ છે. શ્રી રમાબેન રમાબેન પ્રભુદાસભાઈ ત્રાંબડીયા ની આ જમીન ખેતીવાડી સર્વે નંબર : ૩૮ મા, – શ્રી પ્રભુદાસ ભાણજીભાઈ ત્રાંબડીયા ના નામનુ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ), જે અગાઉ તા. ૧૯–૦૪–૯૭ થી રીલીઝ થયેલ હોવાની બાબત, જે સદર જોડાણ ના બીલીગ રેકર્ડ, એટલેકે પી.આર.ટી.–૧૪૫ મુજબ સ્પષ્ટત થયેલ છે. આમ, અરજદાર શ્રી ના નામનુ જ, એટલેકે શ્રી પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા ના નામ પર નુ જ, એક જોડાણ નંબર, જે તેમની માંગણી મુજબ ના સર્વે નંબર : ૩૭ ની બાજુમા જ આવેલ તેમની પત્ની શ્રી ની માલીકી ની જમીન સર્વે નંબર : ૩૮ મા, હૈયાત હોય – '' પીજીવીસીએલ ની સબંધક કચેરી ના જવાબદાર અધિકારીને – સદર હૈયાત જોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ) ''જે – અરજદાર શ્રી ની, હાલ ના તબ્બકે ની તા.૧૭–૦૪–૨૦૦૮ ના રોજ ની પેઈડ પેન્ડીગની અરજી વાળુ જ હોવા? બાબત ની પુરી શંકા ગયેલ હોવાના કારણોસર – સબંધક કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા ને તેમની સવાલવાળી મુળ તા.૧૩–૦૫–૯૧ ની મુળ અરજી – જે મંજુર કરાયેલ હોય અને તા.૧૭–૦૪–૨૦૦૮ ના રોજ પેઈડ પેન્ડીગ સ્થિતી હેઠળ હોય તેવુ – એટલેકે સવાલવાળી અરજી પરત્વે નુ નવુ જોડાણ આપવાની કોઈ કાર્યવાહી થયેલ ન હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. |
| <u>૨.૩</u> | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે ના, '' ફરીયાદી અરજદાર શ્રી ના નામના જ સદર હૈયાત જોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ)'' ને આનુષાંગીક રહીને, સદર જોડાણ ની મુળ કેઈસ ફાઈલ મેળવવા માટે નો પ્રયત્ન કરાયેલ હતો. પરંતુ, સબંધક કચેરી પાસે હાલ ના તબ્બકે, – સદર હૈયાત જોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ) ની મુળ ફાઈલ મળી આવેલ નથી. પરંતુ, આ જોડાણ માટે અગાઉ અરજદાર શ્રી એ, તા.૧૯–૦૪–૯૭ ના રોજ રસીદ નંબર: ૩૫૪૯૨ થી રૂ.૨૦/– ફી ભરપાઈ કરી અને ટેસ્ટ રીપોર્ટ કચેરી મા રજુ કરેલ હોવાની બાબત ને સમર્થન આપતો એકમાત્ર દસ્તાવેજીક પેપર – એટલેકે, તા.૧૯–૦૪–૯૭ નો ટેસ્ટ રીપોર્ટ મળી આવેલ છે. ટેસ્ટ રીપોર્ટ ના આધારે, એ બાબત સ્પષ્ટ છે કે – સદર હૈયાત ખેતીવાડી વીજજોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ), જે '' ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી મુળ તા.૧૩–૦૫–૯૧ ના રોજ નુ જોડાણ નથી – પરંતુ સદર જોડાણ,કે જેની રીલીઝ તા.૧૯–૦૪–૯૭ છે, જેથી આ જોડાણ રીલીઝ થયા તા.૧૯–૦૪–૯૭ પહેલાની, અગાઉ ના ૧૦ થી ૧૨ વર્ષ પહેલાની નોંધાયેલ એવી કોઈ અરજી ના આધારે જ અપાયેલ હોવાની બાબત, જે મહદઅંશે સ્પષ્ટ થાય છે. પરંતુ, સદર જોડાણ ચાલુ કરતા પહેલા, જે તે સમયે, ફરીયાદી અરજદાર શ્રી પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા તરફથી જ, તેમના પત્નિ ની માલીકી ની જમીન સર્વે નંબર : ૩૮ ની જમીન પર જ, સદર જોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ), જે ફરીયાદી અરજદાર શ્રી પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા એ, અગાઉ રીલીઝ કરાવેલ હોય, તે બાબત માની શકાય. પરંતુ, સદર હૈયાત ખેતીવાડી વીજજોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ), કે જે તા.૧૯–૦૪–૯૭ ના રોજ ચાલુ થયેલ છે, તે જોડાણ, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી મુળ તા.૧૩–૦૫–૯૧ની અરજી ના અનુસંધાને નુ ન હોઈ શકે. એટલેકે, તા.૧૩–૦૫–૯૧ પછી ના ૦૬ જ વર્ષ બાદ નવુ ખેતીવાડી વીજજોડાણ – જે આજે પણ મળતુ નથી – અને અગાઉ પણ મળી શકે તેમ ન હતુ – એટલેકે, અગાઉ ૧૦ થી ૧૨ વર્ષ પછી જ આપી શકાતુ હતુ. આમ, સદર જોડાણ, કે જે તે સમયે, અરજદાર શ્રી પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા ના પત્ની શ્રીમતી રમાબેન પ્રભુદાસભાઈ ત્રાંબડીયા ની માલીકી ની જમીન સર્વે નંબર : ૩૮ મા, હાલ ના તબ્બકે હૈયાત હોય, તે જોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ), કે જેની, અગાઉ ઉભી કરાયેલ વીજલાઈન ના થાંભલાઓ ની ચકાસણી કરતા, થાંભલાઓ પર તા.૦૩–૧૧–૧૯૯૦ ની તારીખ લખેલ છે. એટલેકે, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી તા.૧૩–૦૫–૯૧ ની મુળ અરજી પહેલા ની ઉભી કરાયેલ વીજલાઈન વાળુ છે. તે મુજબ પણ, સદર જોડાણ ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી મુળ તા.૧૩–૦૫–૯૧ ની અરજી વાળુ નથી. તે બાબત સ્પષ્ટ થયેલ છે. તદ ઉપરાંત, સદર જોડાણ નામ બદલી સાથે / શીફટીગ સાથે પણ ચાલુ કરાયેલ હોવા બાબત ને પણ, સમર્થન આપતો કોઈ રેકર્ડ પણ કચેરીમા ઉપલબ્ધ પણ નથી. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ તા.૧૩–૦૫–૯૧ ની મંજુર કરાયેલ એવી અને તા.૧૭–૦૪–૨૦૦૮ ના રોજ પેઈડ પેન્ડીગ સ્થિતી મા રહેલ અરજી પરત્વે કોઈ જોડાણ અપાયેલ ન હોવાની બાબત ને, રેકર્ડ આધારીત સ્થળ ચકાસણી આધારીત રીતે સમર્થન મળેલ છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ –જે, બાકી રહેલ કામગીરી ત્વરીતે પૂર્ણ કરી અને ચાલુ કરવા પાત્ર હોવા |

| | |
|---|---|
| | બાબતે નો અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |
| **૨.૪** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહી અને, ફરીયાદી અરજદાર શ્રી તા.૧૭–૦૪–૨૦૦૮ ના રોજ ની પેઈડ પેન્ડીગ સ્થિતી વાળુ સદર જોડાણ, જે ઓફીસ રેકર્ડ આધારીત તેમજ દસ્તાવેજીક આધારીત રીતે, હાલ ના તબ્બકે, ખરેખર '' અરજદાર શ્રી ના પોતાના નામની જ અરજી હોય – અરજદાર ના નામ પર નુ જ સદર જોડાણ પેઈડ પેન્ડીગ સ્થિતી મા હોય'' અને રીલીઝ કરવાની અધુરી કાર્યવાહી હેઠળ પડતર રહેલ હોય, તે જોડાણ ને હવે – બાકી રહેતી એવી – તમામ પ્રકાર ની તાંત્રીક કાર્યવાહી – જે અરજદાર પાસેથી મુળ માંગણી મુજબ ની જમીન સર્વે નંબર : ૩૭ કે જેની, અરજદાર શ્રી ની જ માલીકી દર્શાવતા અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ મેળવી – અને તે મુજબ, જોડાણ આપવા માટે ની તમામ નિયમાધીન પ્રક્રીયા પૂર્ણ કરી અને ચાલુ કરી આપવાની બાબત પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. તે મુજબ નો સદર કેઈસ મા, ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ કરાયેલ છે. |
| **૨.૫** | તદ ઉપરાંત, મુદદા નં. ૨.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે નુ, ફરીયાદી અરજદાર શ્રી ના નામનુ જ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ), જે ફરીયાદી અરજદાર શ્રી ના પત્નિ શ્રી ની માલીકી ની જમીન સર્વે નંબર : ૩૮ મા હૈયાત રહેલ હોય, તે જોડાણ ને – '' ફરીયાદી અરજદાર શ્રી ના નામ પરથી – તેમના પત્નિ શ્રી રમાબેન પ્રભુદાસભાઈ ત્રાંબડીયા ના નામ પર '' – જે, સદર જમીન સર્વે નંબર : ૩૮, જે ખરેખર રમાબેન પ્રભુદાસભાઈ ત્રાંબડીયા ની હોવા બાબતે ના સમર્થન આપતા એવા, અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ સાથે ની વિધીસર ની અરજી ની નામ બદલી ની અરજી – જે ફરીયાદી અરજદાર પાસેથી મેળવી અને તે મુજબ – સદર હૈયાત ખેતીવાડી વીજજોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ) ને, મુળ નામ – પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા ના નામ પરથી – તેમના પત્નિ શ્રીમતી રમાબેન પ્રભુદાસભાઈ ત્રાંબડીયા ના નામ પર નામ બદલી આપી શકાય, તે મુજબ નુ મંતવ્ય અત્રે તરફથી, ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી, મુળ તા.૧૩–૦૫–૯૧ ની, તેમની માલીકી ની જમીન સર્વે નંબર અરજી મા, તેમની માલીકી ના સર્વે નંબર : ૩૭ ની જમીન મા કરાયેલ, નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની સ્થિતી, જે તા.૨૪–૦૩–૨૦૦૮ ની સ્થિતીએ પેઈડ પેન્ડીગ સ્થિતી હેઠળ હાલ ના તબ્બકે છે. આ જોડાણ ને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, જે તે સમયે, ચાલુ કરવા માટે ની ૬૫ મીટર ની લંબાઈ વાળી વીજલાઈન ના કુલ ૦૨ થાંભલાઓ ઉભા કરાયેલ છે. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતો ના કારણોસર, બાકી રહેલ તમામ કામગીરી પૂર્ણ કરી, અને જે તે સમયે અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે મુળ માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૭ પર ના બોર / કુવા પર ચાલુ કરાયેલ નથી. |
| **૩.૨** | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેના, સદર જોડાણ ચાલુ ન કરવા બાબતે ના કારણો ને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, રેકર્ડ આધારીત તેમજ સ્થળ ચકાસણી આધારીત સમર્થન મળેલ નથી. તે મુજબ નો પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય સાથે નો અહેવાલ રજુ કરાયેલ છે. જે ફોરમ કમિટી તરફથી, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની બાબત હેઠળ માન્ય રખાયેલ છે. |
| **૩.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતને, આનુષાંગીક રહીને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે – ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી તા.૧૩–૦૫–૯૧ ના રોજ ની અરજી વાળુ, એટલેકે, તા.૧૭–૦૪–૨૦૦૮ ની સ્થિતીએ પેઈડ પેન્ડીગ એવુ નવુ, ૭.૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ, જે ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૭ પર આવેલ કુવા / બોર પર – ત્વરીતે ચાલુ કરવા માટે નો પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ કરાયેલ છે. જે ફોરમ કમિટી તરફથી, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની, સદર જોડાણ ચાલુ કરવાની બાકી રહેતી કામગીરી સંપન્ન કરી અને જોડાણ ચાલુ કરવાની બાબત હેઠળ માન્ય રખાયેલ છે. |
| **૩.૪** | તદ ઉપરાંત, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૫ મુજબ ની વિગતે, ફોરમ સમક્ષ રજુ કરાયેલ અભિપ્રાય મુજબ – ફરીયાદી અરજદાર શ્રી ના નામનુ જ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ), જે ફરીયાદી અરજદાર શ્રી ના પત્નિ શ્રી ની માલીકી ની જમીન સર્વે નંબર : ૩૮ મા હૈયાત રહેલ હોય – તે જોડાણ ને – '' ફરીયાદી અરજદાર શ્રી ના નામ પરથી – તેમના પત્નિ શ્રી રમાબેન પ્રભુદાસભાઈ ત્રાંબડીયા ના નામ પર '' – જે, નામ બદલી આપવા બાબતે નુ – પીજીવીસીએલ પક્ષકાર નુ મંતવ્ય પણ ફોરમ કમિટી તરફથી, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની બાબત હેઠળ માન્ય રખાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને – મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે – ફરીયાદી અરજદાર શ્રી પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા નુ – ફોરમ કમિટી ની સવાલવાળી અરજી મા વર્ણવ્યા મુજબ ની વિગતો વાળુ – એટલેકે, તા.૧૭–૦૪–૨૦૦૮ ની સ્થિતીએ પેઈડ પેન્ડીગ રહેલ એવુ, નવુ ૭.૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ, જે સદર જોડાણ ચાલુ કરવા માટે ની તમામ તાંત્રીક તેમજ વહીવટીય પ્રક્રીયાઓ, જે દિન–૨૦ મા પૂર્ણ કરી, અને દિર્ન–૨૦ માં, અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને તેમના લેખીત સંમંતીપત્ર હેઠળ, ચાલુ કરી અને તે મુજબ નો અહેવાલ, ફોરમ કમિટી સમક્ષ દિન–૩૦ મા રજુ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |
| **૪.૨** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને – મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી પ્રભુદાસભાઈ ભાણજીભાઈ ત્રાંબડીયા નુ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નંબર: ૮૧૪૨૫/૦૦૨૫૮/૭ ( ૭.૫ હોપા એ–૧ ટેરીફ), જે ફરીયાદી અરજદાર શ્રી ના પત્નિ શ્રી ની માલીકી ની જમીન સર્વે નંબર : ૩૮ મા હૈયાત રહેલ હોય – તે જોડાણ ને – '' ફરીયાદી અરજદાર શ્રી ના નામ પરથી – તેમના પત્નિ શ્રી રમાબેન પ્રભુદાસભાઈ ત્રાંબડીયા ના નામ પર '' – જે, નામ બદલી આપવા બાબતેની કાર્યવાહી, જે અરજદાર પાસેથી વિધીસર ની નામ બદલી ની અરજી મેળવી, અને નામ બદલી ની અરજી ની નોંધણી ની તારીખ પછી ના ૨૫ દિવસ મા નામ બદલી ની મંજુરી આપવાની, જે તમામ પ્રકાર ની નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને તેમના લેખીત સંમંતીપત્ર હેઠળ, સંપન્ન કરી અને તે મુજબ નો અહેવાલ, ફોરમ કમિટી સમક્ષ દિન–૩૦ મા રજુ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિતં અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.